## સુગમ સંગીત

- સ્પર્ધા માટેનો સમય ૦૭ મિનીટનો રહેશે.
- સ્પર્ધકે અગાઉથી સૂર મેળવીને સ્વયં પોતાના વાજિંત્રોની વ્યવસ્થા કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં સહાયકની સંખ્યા ૩ની રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઇકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ ત્રણ મિનીટ આપવામાં આવશે.
- હળવા કંઠ્ય સંગીતની, સમાજની દ્રષ્ટિએ પોષક હોય તેવી કૃતિ, ગુજરાતી કે હિંદીમાં પ્રસ્તુત કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, સૂર, તાલ, લય, બોલનું સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા, ગાયકીની વિવિધતા તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.